# MBA-MCA પ્રવેશ વર્ષ – ૨૦૨૦ના રાઉન્ડ-૨ માં એડ્મિશન મળેલ વિધ્યાર્થીઓ માટે અગત્યની સુચના

- જે વિધ્યાર્થીઓને બીજા રાઉન્ડમાં ટોકન ટ્યુશન ફી ભરવાની છે તેમણે તા.૦૫-૧૨-૨૦૨૦ થી તા.૦૭-૧૨-૨૦૨૦ દરમિયાન ભરવાની રહેશે. જો વિધ્યાર્થી દ્વારા ટોકન ટ્યુશન ફી ભરવામાં નહી આવે તો તે વિધ્યાર્થીનો જે-તે સંસ્થામાં મળેલ પ્રવેશ કાયમ ગણાશે નહી.
- જે વિધ્યાર્થીઓને રાઉન્ડ-૧ માં Govt. / GIA માં રૂ. ૧૫૦૦/- ફી ભરી પ્રવેશ કાયમ કરેલ હોય અને રાઉન્ડ-૨માં SFI Institute માં પ્રવેશ મળેલ હોય તેમણે રૂ. ૧૮,૫૦૦ તફાવતની ટોકન ટ્યુશન ફી ઓન-લાઈન ના માધ્યમથી ભરવાની રહેશે. ફી ભર્યા બાદ વિધ્યાર્થીએ પોતાના Login ID માંથી એડમીશન લેટર ની પ્રિન્ટ-આઉટ મેળવી લેવી ફરજીયાત છે.
- જે વિધ્યાર્થીઓને રાઉન્ડ-૨માં પહેલી જ વાર એડમિશન મળેલ છે તેમણે Govt. / GIA સંસ્થાની રૂ. ૧૫૦૦/- તથા SFI Institute ની રૂ. ૨૦,૦૦૦/- ટોકન ટ્યુશન ફી ઓન-લાઈન ના માધ્યમથી ભરી પોતાના Login ID માંથી એડમીશન લેટર ની પ્રિન્ટ-આઉટ મેળવી લેવી ફરજીયાત છે.
- જે વિધ્યાર્થીઓને કોઈપણ ટોકન ટ્યુશન ફી ભરવાની નથી તેમને મળેલ એડમીશન આપોઆપ કાયમ ગણાશે. આ વિધ્યાર્થીઓએ પોતાના Login ID માંથી એડમીશન લેટર ની પ્રિન્ટ-આઉટ મેળવી લેવી ફરજીયાત છે.
- કમિટીની વેબસાઈટ પર તા: ૨૩/૧૦/૨૦૨૦ ના રોજ દશાવેલ કાર્યક્રમ મુજબ તા: ૦૭/૧૨/૨૦૨૦ થી તા: ૦૯/૧૨/૨૦૨૦ દરમ્યાન સંસ્થાખાતે રીપોર્ટીંગ કરી ડોક્યુમેંટ વેરીફીકેશન કરાવવાનું હતું પરંતુ હાલ ની કોવિડ-૧૯ પરિસ્થિતિને ધ્યાને રાખી ને એડમીશન મળેવેલ દરેક વિધ્યાર્થીએ જે-તે સંસ્થાની માર્ગદર્શિકા મુજબ સંસ્થા ખાતે તા: ૦૭/૧૨/૨૦૨૦ થી તા: ૦૯/૧૨/૨૦૨૦ દરમ્યાન રીપોર્ટીંગ કરવાનું રહેશે. જો વિધ્યાર્થી દ્વારા તા: ૦૯/૧૨/૨૦૨૦ સુધીમાં જે-તે સંસ્થા ખાતે રીપોર્ટીંગ કરવામાં નહી આવે તો તે વિધ્યાર્થીને મળેલ પ્રવેશ કાયમ ગણાશે નહી.
- જે વિધ્યાર્થીઓને પ્રવેશ સમિતિ દ્વારા ઓનલાઇન મળેલ પ્રવેશ રદ કરવો હોય તેવા વિધ્યાર્થીઓએ તા: ૦૭/૧૨/૨૦૨૦ થી તા: ૦૯/૧૨/૨૦૨૦ દરમ્યાન પોતાના Login ID માંથી ઓનલાઇન પ્રવેશ રદ કરાવી શકશે અને તેઓને નિયમ અનુસાર ફી રિફંડ મળવાપાત્ર રહેશે જેની દરેક વિદ્યાર્થી તથા વાલીએ નોંધ લેવી.

તા. ૦૫/૧૨/૨૦૨૦ -- મેમ્બર સેક્રેટરી